RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 297 * Date: 19.8.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

# ચોમાસા અંગે ચિંતાજનક સમાચાર, જ્યાં જુઓ ત્યાં વરસાદની ઘટ, દુષ્કાળનું જોખમ વધ્યું!

સ્કાયમેટ વેધર મુજબ, આ વર્ષે ભારતમાં ચોમાસું નબળું પડતાં દીર્ઘકાલીન સરેરાશના માત્ર ૮૫% વરસાદની શક્યતા છે. અલ નીનોને કારણે દુષ્કાળનું જોખમ ૭૦% સુધી પહોંચ્યું છે. ૧ જૂનથી ૧૭ ઑગસ્ટ સુધી દેશમાં ૧૩% વરસાદની ઘટ નોંધાઈ છે. સપ્ટેમ્બરમાં વરસાદ સામાન્ય કરતાં ૨૦% ઓછો રહેવાની આશંકા છે, જેથી અનેક રાજ્યોમાં સ્થિતિ ચિંતાજનક બની છે.

દેશમાં ચોમાસાની સિસ્ટમ નબળી પડતાં દુષ્કાળનો ખતરો સતત વધી રહ્યો છે. હવામાનની આગાહી કરતી ખાનગી એજન્સી સ્કાયમેટ વેધર દ્વારા જાહેર કરાયેલા અંદાજ મુજબ, ભારતમાં આ વર્ષે ચોમાસાની સિઝન દરમિયાન સામાન્ય કરતાં ઘણી ઓછી એટલે કે દીર્ઘકાલીન સરેરાશના માત્ર ૮૫% વરસાદ થવાની શક્યતા છે. પ્રશાંત મહાસાગરમાં ઝડપથી સક્રિય થઈ રહેલા અલ નીનોના કારણે ચોમાસું નબળું પડતાં દેશમાં દુષ્કાળનું જોખમ વધીને ૭૦% સુધી પહોંચી ગયું છે.

સ્કાયમેટના જણાવ્યા અનુસાર, બાકી બચેલી સિઝનમાં દેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદનું અસમાન વિતરણ જોવા મળશે. ઑગસ્ટના અંત સુધીમાં વરસાદની અછત સરેરાશ ૧૬% નોંધાઈ શકે છે. જ્યારે સપ્ટેમ્બર મહિનામાં અલ નીનો વધુ શક્તિશાળી બનીને સુપર અલ નીનોમાં ફેરવાઈ જવાની સંભાવના છે, જેના કારણે સપ્ટેમ્બરમાં વરસાદ સામાન્ય કરતાં ૨૦% જેટલો ઓછો રહેવાની આશંકા છે.

ભારતીય હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. અખિલ શ્રીવાસ્તવના જણાવ્યા મુજબ, દેશમાં આ વર્ષે ચોમાસુ સામાન્યથી ઓછું રહેવાની શક્યતા છે અને સરેરાશના ૯૦% વરસાદ થઈ શકે છે. દેશભરમાં ૧ જૂનથી ૧૭ ઑગસ્ટ સુધી સામાન્ય રીતે ૫૯૬ મિમી વરસાદ થવો જોઈતો હતો, પરંતુ તેની સામે વાસ્તવમાં ૫૧૮.૭ મિમી વરસાદ જ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૧૩%ની ઘટ દર્શાવે છે. આ સમગ્ર ચોમાસાની ઋતુની સરેરાશ સામાન્ય રીતે ૮૭૦ મિમી આસપાસ હોય છે.ઉત્તર પ્રદેશ, દિલ્હી, પંજાબ, રાજસ્થાન અને હરિયાણા સહિતના ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૪૦૮.૭ મિમી સામાન્ય વરસાદ સામે ૩૬૧.૭ મિમી વરસાદ નોંધાયો છે, જે ૧૨% નો ઘટાડો દર્શાવે છે. દક્ષિણ ભારતમાં પણ ૪૭૭ મિમીની સરખામણીએ ૩૭૫ મિમી વરસાદ નોંધાતા ૧૩%ની અછત છે. પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં સામાન્ય ૯૩૮.૭ મિમી સામે માત્ર ૬૮૪.૮ મિમી વરસાદ થતાં સૌથી વધુ ૨૭%નો મોટો ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ જેવા મધ્ય ભારતના રાજ્યોમાં ૬૬૭.૫ મિમી વરસાદ થતાં ૧% જેટલી સામાન્ય ઘટ છે.હાલ વરસાદ લાવનારી મોન્સૂન ટ્રફ લાઇન પંજાબના ફિરોઝપુર, મુઝફ્ફરનગર, બસ્તી, પટના અને પશ્ચિમ બંગાળ પર બનેલા ડિપ્રેશનના કેન્દ્ર પરથી બંગાળની ખાડી સુધી વિસ્તરેલી છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશ અને હરિયાણા પર ચક્રવાતી પવનોનું ક્ષેત્ર સક્રિય છે

# ઈંટ વગર ચીન-અમેરિકામાં મકાનો બને, જાણો ભારત કરતાં કેટલા જુદા?

હેણાંક મકાનોના નિર્માણમાં અમેરિકા લાકડાનો, ચીન કોંક્રીટનો ઉપયોગ કરે છે. ભારતમાં ચોમાસું, ભેજ અને ઉધઈના જોખમને કારણે લાકડાના મકાનો અયોગ્ય છે. અહીંની આબોહવા, સામાજિક મૂલ્યો અને ભૌગોલિક પરિસ્થિતિ માટે ઈંટ, સ્ટીલ અને ઈઝ્રઝ્ર આધારિત ×પાક્કા મકાન× જ સુરક્ષિત અને ટકાઉ સાબિત થયા છે. ભારતમાં ઘર પેઢી દર પેઢી ટકી રહે તે મહત્વનું છે. વિશ્વના બે સૌથી મોટા દેશો અમેરિકા અને ચીનમાં રહેણાંક મકાનોના નિર્માણની પદ્ધતિ તદ્દન અલગ છે. અમેરિકામાં મોટાભાગના રેસિડેન્શિયલ મકાનો લાકડાના બને છે, જ્યારે ચીનમાં ગગનચુંબી બહુમાળી ઈમારતો માટે પ્રિ-કાસ્ટ સિમેન્ટ અને કોંક્રીટ (ઈઝ્રઝ્ર)નો ઉપયોગ થાય છે. પરંતુ જ્યારે



ભારતની દ્રષ્ટિએ આ સરખામણીનું વિશ્લેષણ કરવામાં આવે ત્યારે સ્પષ્ટ થાય છે કે ભારતીય આબોહવા, સામાજિક મૂલ્યો અને ભૌગોલિક પરિસ્થિતિ માટે ઈંટો, સ્ટીલ અને રિઈન્ફોર્સ્ડ સિમેન્ટ કોંક્રીટ આધારિત 'પાક્કા મકાન' જ સૌથી સુરક્ષિત અને ટકાઉ સાબિત થયા છે.વિપુલ પ્રમાણમાં જંગલ સંપત્તિ: અમેરિકા અને કેનેડામાં સોફ્ટવુડ અને પાઈન જેવા લાકડાંના વિશાળ જંગલો છે, જેના કારણે બાંધકામ માટે લાકડું સસ્તું અને સરળતાથી ઉપલબ્ધ થાય છેઝડપી બાંધકામ અને ઊંચો શ્રમ ખર્ચ: અમેરિકામાં મજૂરી ખર્ચ ખૂબ ઊંચો છે. લાકડાના પ્રી-ફેબ્રિકેટેડ ઘરો માત્ર ૨થી ૪ મહિનામાં તૈયાર થઈ જતાં મજૂરી ખર્ચમાં મોટી બચત થાય છે.'મનીષ સિસોદિયા પર કોઈ આરોપ નથી લગાવ્યાં..' કોર્ટમાં ઃૈંના દાવા સામે કેજરીવાલનો ઘટસ્ફોભૂકંપ સામે લચીલાપણું: પશ્ચિમ અમેરિકા અને કેલિફોર્નિયા જેવા ભૂકંપ સંવેદનશીલ ઝોનમાં લાકડાની લચીલી ફ્રેમ આંચકા સરળતાથી સહન કરી શકે છેકુદરતી થર્મલ ઈન્સ્યુલેશન: લાકડું તાપમાન નિયંત્રિત રાખતું હોવાથી શિયાળામાં હીટિંગ અને ઉનાળામાં એસીનો વીજ ખર્ચ ઘટે છેસરળ રિમોડેલિંગ: અમેરિકન લોકો નોકરી અર્થે વારંવાર સ્થળાંતર કરતા હોવાથી લાકડાના ઘરોમાં રિનોવેશન અને ફેરફાર કરવા સરળ રહે છે.વશાળ વસ્તી અને હાઈરાઈઝ ઈમારતો: ચીનની અતિ ગીચ વસ્તીને સમાવવા માટે ૩૦થી ૫૦ માળની બહુમાળી ઈમારતો અનિવાર્ય છે, જે માત્ર કોંક્રીટ અને સ્ટીલના માળખા પર જ ટકી શકે છેલાકડાની અછત: ચીનમાં મોટા પાયે ટિમ્બર જંગલો ન હોવાથી લાકડું મોંઘું પડે છે, જ્યારે સ્થાનિક સ્તરે સિમેન્ટ અને સ્ટીલનું ઉત્પાદન વિપુલ પ્રમાણમાં થાય છેઅગ્નિ અને વાવાઝોડા સામે સુરક્ષા: ગીચ શહેરોમાં શ્રમ

# ટ્રમ્પને મોટો ઝટકો, એપ્રૂવલ રેટિંગ ગગડીને ૩૩%ના તળિયે, વર્તમાન કાર્યકાળમાં સૌથી ઓછી

રોયટર્સના તાજેતરના પોલ મુજબ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા ૩૩% પર આવી ગઈ છે, જે તેમના કાર્યકાળનું સૌથી નીચલું સ્તર છે. ઈરાન સાથેના તણાવ અને યુદ્ધની ચિંતાને કારણે અમેરિકામાં તેમની લોકપ્રિયતા ઘટી છે. પેટ્રોલના ભાવ વધારા અને આર્થિક અસર પણ મુખ્ય કારણો છે, જેનાથી અમેરિકન પરિવારોમાં અસંતોષ વધ્યો છે.રોયટર્સના તાજેતરના પોલ મુજબ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતામાં ભારે ઘટાડો નોંધાયો છે. આ સરવે મુજબ ટ્રમ્પની એપ્રુવલ રેટિંગ ઘટીને ૩૩% પર આવી ગઈ છે, જે તેમના હાલના કાર્યકાળનું સૌથી નીચલું સ્તર છે. ચાર દિવસ સુધી ચાલેલા આ સરવેમાં સામેલ લોકોમાંથી માત્ર ૩૩% લોકોએ વાઈટ હાઉસમાં ટ્રમ્પની કામગીરીને



યોગ્ય ગણાવી છે, જ્યારે ૬૭% લોકોએ તેને અયોગ્ય ગણાવી છે. આ મહિનાની શરૂઆતમાં થયેલા પોલમાં તેમની રેટિંગ ૩૫% હતી, જેમાં હવે ૨%નો ઘટાડો થયો છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા ઘટવાનું સૌથી મોટું કારણ ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલો તણાવ છે. જ્યારે ટ્રમ્પે ઈઝરાયલ સાથે મળીને ઈરાન પર હુમલાનો આદેશ આપ્યો, ત્યારે તેમની લોકપ્રિયતાને ભારે ઝટકો લાગ્યો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા આ વિવાદમાં હજુ સુધી કોઈ સમજૂતી થઈ શકી નથી. મોટાભાગના અમેરિકનોને એ વાતની ચિંતા સતાવી રહી છે કે આ યુદ્ધ લાંબા સમય સુધી ખેંચાઈ શકે છે, જેના કારણે ટ્રમ્પ પ્રત્યેનો લોકોનો અસંતોષ સતત વધી રહ્યો છે.બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવને કારણે વિશ્વના લગભગ પાંચમા ભાગનો ઓઈલ વેપાર પ્રભાવિત થયો છે. આના પરિણામે દુનિયાભરમાં પેટ્રોલની કિંમતો વધી છે અને અમેરિકન પરિવારો પર પણ તેની સીધી આર્થિક અસર પડી છે. જોકે હાલમાં તણાવ થોડો ઓછો થયો છે, પરંતુ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી ઓઈલની અવરજવર હજુ પણ ખોરવાયેલી છે.ટ્રમ્પે ચૂંટણી સમયે મોંઘવારી ઘટાડવા અને લાંબા યુદ્ધોથી દૂર રહેવાનું વચન આપ્યું હતું. તણાવની શરૂઆતમાં તેમણે દાવો કર્યો હતો કે થોડા અઠવાડિયામાં જ ઈરાન સાથેનો સંઘર્ષ પૂરો થઈ જશે. પરંતુ સમય જતાં આ સ્થિતિ વધુ વણસતી ગઈ. ચૂંટણી વચનો અને વર્તમાન પરિસ્થિતિ વચ્ચેના આ તફાવતને કારણે જ અમેરિકન પ્રમુખ ટ્રમ્પની લોકપ્રિયતામાં આટલો મોટો ઘટાડો જોવા મળ્યો છે.

# દિગ્વેશ રાઠીનો ક્રિકેટના મેદાનમાં ફરી પંગો, પ્રિયાંશને આઉટ કર્યા બાદ પાછળ દોડી કર્યું નોટબૂક સેલિબ્રેશન

દિલ્હી પ્રીમિયર લીગ (ઢ્ઢન) ૨૦૨૬માં લખનૌના સ્પિનર દિગ્વેશ રાઠીએ ફરી વિવાદાસ્પદ 'નોટબુક સેલિબ્રેશન' કર્યું. પુરાની દિલ્હી ૬ અને આઉટર દિલ્હી વોરિયર્સ વચ્ચેની મેચમાં પ્રિયાંશ આર્યને આઉટ કર્યા બાદ દિગ્વેશ તેની પાછળ દોડીને આક્રમક રીતે ઉજવણી કરી હતી. અગાઉ ૈંન ૨૦૨૫માં પણ આ જ કારણસર તેના પર દંડ અને પ્રતિબંધ મુકાયો હતો. ઢ્ઢન પ્રશાસન કડક પગલાં લેશે કે નહીં તે જોવું રહ્યું. ઈન્ડિયન પ્રીમિયર લીગ (ૈંન)માં લખનૌ સુપર જાયન્ટ્સ (ન્જીય) તરફથી રમતો સ્પિનર દિગ્વેશ રાઠી ફરી એક વખત પોતાના વિવાદાસ્પદ 'નોટબુક સેલિબ્રેશન'ને લઈને ભારે ચર્ચામાં આવ્યો છે. દિલ્હી પ્રીમિયર લીગ (ઢ્ઢન) ૨૦૨૬માં પુરાની દિલ્હી ૬ અને આઉટર દિલ્હી વોરિયર્સ વચ્ચે રમાયેલા મુકાબલામાં દિગ્વેશે પ્રિયાંશ આર્યને આઉટ કર્યા બાદ એ જ અંદાજમાં સેલિબ્રેશન કર્યું હતું, જેના કારણે ભૂતકાળમાં ૈંન ૨૦૨૫ દરમિયાન તેના પર દંડ તેમજ પ્રતિબંધ સુધીની કાર્યવાહી કરવામાં આવી હતી.આ વખતે મામલો વધુ ચર્ચાસ્પદ એટલા માટે બન્યો કારણ કે દિગ્વેશે વિકેટ લીધા બાદ પોતાની ટીમના ખેલાડીઓ સાથે ઉજવણી કરવાને બદલે પેવેલિયન તરફ પરત ફરી રહેલા બેટ્સમેન પ્રિયાંશ આર્યની પાછળ દોટ લગાવી હતી અને તેની એકદમ નજીક પહોંચીને પોતાનું ટ્રેડમાર્ક 'નોટબુક સેલિબ્રેશન' દર્શાવ્યું હતું. હવે જોવાનું એ રહેશે કે ઢ્ઢનદિગ્વેશ રાઠી અને પ્રિયાંશ આર્ય વચ્ચે આ પ્રકારના સેલિબ્રેશનનો જૂનો ઈતિહાસ રહેલો છે. ૈંન ૨૦૨૫ દરમિયાન પણ દિગ્વેશે બેટ્સમેનોને આઉટ કર્યા બાદ તેમની ખૂબ નજીક જઈને નોટબુક સેલિબ્રેશન કર્યું હતું. પ્રિયાંશ તેમજ અન્ય બેટ્સમેનો સાથે પણ આવી સ્થિતિ સર્જાઈ હતી. ખેલાડીઓની એકદમ નજીક જઈને આક્રમક રીતે 'સેન્ડ-ઓફ' આપવાના કારણે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (મ્ઝ્રઝ્રૈં) દ્વારા દિગ્વેશ રાઠી સામે શિસ્તભંગના નિયમો હેઠળ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી અને તેના પર મેચ ફી કાપવા ઉપરાંત એક મેચનો પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધ બાદ તેણે જમીન પર લખીને ઉજવણી કરવાની નવી રીત અપનાવી હતી, પરંતુ ઢ્ઢનમાં તેનો આ જૂનો આક્રમક અંદાજ ફરી સામે આવ્યો છે. મેચમાં આઉટર દિલ્હી વોરિયર્સના ઓપનર્સ પ્રિયાંશ આર્ય અને યાજસ શર્માએ શરૂઆતથી જ પુરાની દિલ્હી ૬ના બોલરો પર આક્રમણ કર્યું હતું. બંને બેટ્સમેનોએ પાવરપ્લેમાં તોફાની બેટિંગ કરી પ્રથમ વિકેટ માટે વિના વિકેટે ૧૨૦ રનની મજબૂત ભાગીદારી નોંધાવી દીધી હતી.આ સ્થિતિમાં પુરાની દિલ્હી ૬ના કેપ્ટન અનુજ રાવતે ૧૦મી ઓવરમાં બોલિંગની કમાન દિગ્વેશ રાઠીને સોંપી હતી. દિગ્વેશે પોતાના પહેલા જ બોલ પર મેચનું પાસું પલટવાનો પ્રયાસ કર્યો હતો. તેણે ઑફ-સ્ટમ્પ બહાર બેક-ઓફ-લેન્થ ડિલિવરી ફેંકી, જેના પર પ્રિયાંશ મોટો શોટ રમવા ગયો પરંતુ બોલ યોગ્ય રીતે કનેક્ટ ન થયો અને લોંગ-ઓન પર રોહન રાઠીએ સરળ કેચ ઝડપી લીધો હતો. પ્રિયાંશ ૨૧ બોલમાં ૧ ચોગ્ગો અને ૨ છગ્ગાની મદદથી ૩૦ રન બનાવી આઉટ થયો હતો. આ વિકેટ પડતાં જ દિગ્વેશે પ્રિયાંશ તરફ દોડીને નોટબુક સેલિબ્રેશન કર્યું હતું.પ્રિયાંશને આઉટ કર્યા બાદ દિગ્વેશ આટલેથી જ અટક્યો નહોતો. એ જ ઓવરમાં બે બોલ બાદ તેણે વિસ્ફોટક બેટિંગ કરી રહેલા યાજસ શર્માને પણ પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો.

# દેશના ૧૭ ખેલાડી પ્રતિષ્ઠિત અર્જુન એવોર્ડથી સન્માનિત, આ યાદીમાં એક પણ ક્રિકેટર નહીં

ભારત સરકારે પ્રતિષ્ઠિત અર્જુન પુરસ્કાર માટે ૧૭ ખેલાડીઓની પસંદગી કરી છે. નિવૃત્ત ન્યાયમૂર્તિ અરુણ કુમાર મિશ્રાની અધ્યક્ષતામાં રમતગમત મંત્રાલયે આ જાહેરાત કરી. ચેસ વર્લ્ડ કપ વિજેતા દિવ્યા દેશમુખ, વિદિત ગુજરાતી, તેજસ્વિન શંકર, ગાયત્રી ગોપીચંદ સહિતના ખેલાડીઓને રમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સન્માનિત કરાશે.ભારતીય રમતગમત જગત માટે અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ આવી પહોંચી છે. ભારત સરકાર દ્વારા પ્રતિષ્ઠિત અર્જુન પુરસ્કાર માટે ૧૭ મહત્ત્વપૂર્ણ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. દેશની સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ અરુણ કુમાર મિશ્રાની અધ્યક્ષતાવાળી પસંદગી સમિતિની ભલામણોના આધારે રમતગમત મંત્રાલય દ્વારા વિવિધ શ્રેણીઓમાં ખેલાડીઓ, કોચ અને



સંસ્થાઓના નામોની જાહેરાત કરવામાં આવી છે. આ પુરસ્કાર રમત ક્ષેત્રે છેલ્લા ૪ વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન, નેતૃત્વ, ખેલદિલી અને શિસ્ત દર્શાવનાર ખેલાડીઓને એનાયત કરવામાં આવે છેઅર્જુન પુરસ્કાર માટે પસંદ કરાયેલા ૧૭ રમતવીરોની યાદીમાં ચેસ વર્લ્ડ કપ વિજેતા દિવ્યા દેશમુખ, ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતી, ડેકાથલીટ અને હાઈ જમ્પર તેજસ્વિન શંકર તથા બેડમિન્ટન સ્ટાર ગાયત્રી ગોપીચંદ અને તેમની ડબલ્સ પાર્ટનર ટ્રીસા જોલીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એથ્લેટિક્સમાં મોહમ્મદ અજમલ વી અને પ્રિયંકા ગોસ્વામી, બોક્સિંગમાં ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડલ વિજેતા નરેન્દ્ર, ડેફ શૂટિંગમાં ધનુષ શ્રીકાંત, હોકીમાં લાલરેમસિયામી અને રાજકુમાર પાલ, કબડ્ડીમાં સુર્જીત અને પૂજા, પેરા શૂટિંગમાં રૂદ્રાંશ ખંડેલવાલ, પેરા એથ્લેટિક્સમાં એકતા ભ્યાન, રોઈંગમાં અરવિંદ સિંહ તથા શૂટિંગમાં અખિલ શ્યોરાણની પસંદગી કરવામાં આવી છે. ફૂટબોલમાં વિશિષ્ટ યોગદાન આપનાર આઈ અરુમનાયગમને અર્જુન પુરસ્કાર (લાઈફટાઈમ) એનાયત થશે.રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ આપનાર કોચ માટેના દ્રોણાચાર્ય પુરસ્કાર માટે એથ્લેટિક્સના પરવીર સિંહ, બોક્સિંગના છોટે લાલ યાદવ અને શૂટિંગના નેહા નંદકુમાર ચૌહાણની પસંદગી કરવામાં આવી છે. આ એવોર્ડ એવા પ્રશિક્ષકોને આપવામાં આવે છે જેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે માર્ગદર્શન આપે છે. આ ઉપરાંત, દ્રોણાચાર્ય પુરસ્કાર (લાઈફટાઈમ) શ્રેણીમાં બોક્સિંગના ધર્મેન્દ્ર સિંહ યાદવ અને કુસ્તીના વીરેન્દ્ર કુમારના નામ નિશ્ચિત કરવામાં આવ્યા છે, જેઓ રમત ક્ષેત્રે દીર્ઘકાલીન સેવાઓ આપી ચૂક્યા છે.

## તંત્રી સ્થાનેથી..

# વાયદા બજારમાં કડાકો, સોનું ૧.૫૫ લાખ અને ચાંદી ૨.૩૫ લાખના સ્તરે

મંગળવારના રોજ વાયદા બજાર પર સોના અને ચાંદીના ભાવમાં શરૂઆતી કારોબાર દરમિયાન ૧% સુધીનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. કિંમતી ધાતુઓના ભાવમાં આવેલા આ કડાકાને કારણે બુલિયન માર્કેટમાં રોકાણકારોની ચિંતા વધી છે.

સોનું : સોનાનો અગાઉનો બંધ ભાવ ?૧,૫૫,૯૪૦ પ્રતિ ૧૦ ગ્રામ હતો. જે આજે કડાકા સાથે ?૧,૫૫,૩૫૧ ના મથાળે ઓપન થયો હતો. કારોબાર દરમિયાન સોનામાં ૮૫૦.૦૦ નો ઘટાડો નોંધાતાં ભાવ ૧,૫૫,૦૯૦ ની સપાટીએ પહોંચી ગયા હતા.

ચાંદી: ચાંદીનો અગાઉનો બંધ ભાવ? ૨,૩૮,૦૪૮ પ્રતિ કિલો હતો, જે આજે ઘટીને ?૨,૩૫,૭૧૭ પર ઓપન થઈ હતી. કારોબાર દરમિયાન ચાંદીમાં ?૨,૩૫૪.૦૦ નો તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો, જેના કારણે ભાવ ?૨,૩૫,૬૯૪ સુધી નીચે આવી ગયા હતા.

સોના અને ચાંદીના ભાવમાં આવેલા આ મોટા ઘટાડા પાછળ વૈશ્વિક સ્તરે વધતી જતી રાજકીય અને આર્થિક અનિશ્ચિતતાઓ જવાબદાર છે:ક્રૂડ ઓઈલમાં ઉછાળો અને મોંઘવારીની ભીતિ: મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને યુએસ-ઈરાન વાટાઘાટો અટકી પડવાને કારણે ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ ઈ૯૧ ની પાર પહોંચી ગયું છે. ક્રૂડ તેલના ભાવ વધવાથી વૈશ્વિક સ્તરે ફુગાવો (મોંઘવારી) લાંબા સમય સુધી ઊંચો રહેવાની શક્યતા વધી ગઈ છે.વ્યાજદરમાં વધારાનો ડર: મોંઘવારીને ડામવા માટે યુએસ ફેડરલ રિઝર્વ અને વિશ્વની અન્ય મધ્યસ્થ બેંકો દ્વારા વ્યાજદરમાં ફરી વધારો કરવામાં આવી શકે છે તેવી આશંકા ઊભી થઈ છે.પ્રોફિટ બુકિંગ: સામાન્ય રીતે સોનું મોંઘવારી સામે રક્ષણ આપે છે, પરંતુ ઊંચા વ્યાજદરના વાતાવરણમાં નોન-યીલ્ડીંગ એસેટ હોવાથી સોનામાં વળતર ઘટે છે. જેના કારણે રોકાણકારોએ બજારમાંથી નફો વસૂલવાનું શરૂ કર્યું છે, જેથી ભાવમાં કડાકો બોલાયો છે.

# ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને ‘નવો યુએસ પ્રદેશ‘ ગણાવતો નકશો પોસ્ટ કર્યો, ઈરાને કહ્યું કે જળમાર્ગ બંધ રહેશે

વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વ્યૂહાત્મક જળમાર્ગ પર ચાલી રહેલા તણાવ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટને ‘નવો યુએસ પ્રદેશ‘ તરીકે લેબલ કરતા નકશાની છબી પોસ્ટ કરી. આ પોસ્ટ ત્યારે આવી છે જ્યારે ઈરાન વૈશ્વિક ઉર્જા શિપમેન્ટ માટે મહત્વપૂર્ણ દરિયાઇ માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા નેવિગેશનને પ્રતિબંધિત કરવાનું ચાલુ રાખે છે.




અમેરિકાના રાષ્ટ્રપતિએ કોઈપણ વધારાની ટિપ્પણી વિના તેમના ટ્રૂથ સોશિયલ પ્લેટફોર્મ પર નકશો શેર કર્યો. ગયા અઠવાડિયે, ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ‘ટૂંક સમયમાં‘ હોર્મુઝ સ્ટ્રેટને યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રદેશ જાહેર કરશે.

ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને નવા યુએસ પ્રદેશ તરીકે લેબલ કરતો નકશો પોસ્ટ કર્યો

હોર્મુઝ બંધ રહેશે: ઈરાન

આ દરમિયાન, ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફે જણાવ્યું હતું કે જ્યાં સુધી અમેરિકા સાથે હસ્તાક્ષર કરાયેલા ૧૪-મુદ્દાના સમજૂતી કરાર માં નિર્ધારિત બધી ઈરાની શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ દરિયાઇ ટ્રાફિક માટે બંધ રહેશે, જે ફરીથી ખોલવાનું સીધું વિદેશી પ્રતિબંધો અને લશ્કરી કામગીરીને સંપૂર્ણપણે દૂર કરવા સાથે જોડે છે.

×જ્યાં સુધી સમજૂતી પત્રમાં અમેરિકાની પ્રતિબદ્ધતાઓ - જેમાં નાકાબંધી હટાવવી, સ્થિર સંપત્તિ મુક્ત કરવી, તેલ પ્રતિબંધો હટાવવા, તમામ મોરચે ધમકીઓ અને લશ્કરી કાર્યવાહીનો અંત લાવવો અને અમેરિકા દ્વારા પ્રતિબદ્ધ અન્ય શરતોનો સમાવેશ થાય છે - લાગુ ન થાય ત્યાં સુધી ×સ્ટ્રેટ× ખોલવામાં આવશે નહીં,× ગાલિબાફે કહ્યું.

વધુ ઉગ્રતા સામે વિરોધીઓને ચેતવણી આપતા, સ્પીકરે ભારપૂર્વક જણાવ્યું કે ઈસ્લામિક રિપબ્લિક ×તેની ક્રિયાઓ અને આક્રમણોના પ્રમાણમાં દુશ્મન પર ભારે પરાજય લાદવા માટે તૈયાર છે.×

ગાલિબાફે રાજદ્વારી પ્રક્રિયાનો બચાવ કર્યો, નોંધ્યું કે લશ્કરી દુશ્મનાવટ રોકવા માટે એમઓયુ દ્વારા પૂરી પાડવામાં આવેલી બારી દેશના રાષ્ટ્રીય સંરક્ષણ અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ તક આપે છે.

×અલબત્ત, એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે નાકાબંધી હટાવવા અને યુદ્ધવિરામ અંગેના મેમોરેન્ડમથી મળેલી તક આર્થિક સ્થિતિસ્થાપકતા વધારવા અને ઈરાનની રક્ષણાત્મક શક્તિના પુનઃનિર્માણમાં યોગ્ય મદદ હતી,× તેમણે કહ્યું.

હોર્મુઝમાં જહાજ પર હુમલો

યુકે મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સ (યુકેએમટીઓ) અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા એક જહાજને અજાણ્યા ગોળા દ્વારા ટક્કર મારવામાં આવી હતી, જેના કારણે તેના એન્જિન રૂમને નુકસાન થયું હતું અને એક ક્રૂ સભ્ય ઘાયલ થયો હતો.

યુકેએમટીઓએ તેના ઘટના અહેવાલમાં જણાવ્યું હતું કે, ×કંપની સુરક્ષા અધિકારીએ અહેવાલ આપ્યો છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી બહાર નીકળતી વખતે જહાજ અજાણ્યા ગોળા દ્વારા ટક્કર માર્યું હતું.×

આ ઘટનાને કારણે જહાજના એન્જિન રૂમને નુકસાન થયું હતું અને ક્રૂ જાનહાનિ થઈ હતી, એમ તેણે ઉમેર્યું હતું.

વાટાઘાટો માટે ૬૦ દિવસનો સમયગાળો સમાપ્ત થઈ રહ્યો છે, તેહરાન અને વોશિંગ્ટન વચ્ચેના મુખ્ય મતભેદો હજુ પણ ઉકેલાયા નથી. ઈરાન માટે, હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા વાણિજ્યિક ટ્રાફિકનું સામાન્યકરણ નાકાબંધી હટાવવા, સૈનિકો પાછા ખેંચવા અને વળતર ચૂકવવા પર શરતી રહે છે.

# ઝારખંડના વિદ્યાર્થી નેતા દેવેન્દ્રનાથ મહતોએ પોતાની ભૂખ હડતાળ પાછી ખેંચી લીધી

ઝારખંડના વિદ્યાર્થી નેતા દેવેન્દ્ર નાથ મહતોએ સોમવારે મોડી સાંજે પોતાની ભૂખ હડતાળ પાછી ખેંચી લીધી - વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો પછી હેમંત સોરેન સરકારે સરકારી નોકરીઓ માટે કરેલી તમામ પરીક્ષાઓ અને ભરતી રદ કર્યાના કલાકો પછી.રાંચીની સદર હોસ્પિટલમાં દાખલ મહતોએ તેમને મળવા આવેલા મંત્રીઓ અને ધારાસભ્યોને મળ્યા બાદ પોતાના ઉપવાસ પાછી ખેંચી લીધા.સરકારનો આભાર માનતા તેમણે કહ્યું કે ચાલુ તપાસ પરીક્ષા ગેરરીતિઓમાં સંડોવાયેલા લોકોને લક્ષ્ય બનાવી રહી છે. તેમણે ઉમેર્યું કે, વિદ્યાર્થીઓ પરીક્ષા પ્રણાલીમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવાના પ્રયાસોને સમર્થન આપવાનું ચાલુ રાખશે અને ચાલુ સુધારા પ્રક્રિયામાં સરકારને સહકાર આપશે.

×તેઓ આ ગેંગ પાછળના સાચા મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા માટે નક્કર પ્રયાસો કરી રહ્યા છે,× એમ મીડિયા સુત્રોએ તેમને ટાંકીને કહ્યું હતું.

મહતોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ એવી સિસ્ટમ ઇચ્છે છે જે ભવિષ્યમાં પેપર લીક અને અન્ય ગેરરીતિઓને અટકાવે.

×મારા જીવનમાં, મેં ઘણા એવા કિસ્સાઓ જોયા છે જ્યાં CBI અથવા CID તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો અને પછી રદ કરવામાં આવ્યો હતો. આપણને એવી સિસ્ટમની જરૂર છે જ્યાં સરકાર ખાતરી આપે કે પેપર લીક અને ગેરરીતિઓ ફરી ક્યારેય નહીં થાય... અમે આ પ્રયાસમાં સરકારને સહકાર આપીશું,× તેમણે ઉમેર્યું.

સોમવારે મોડી સાંજે, મુખ્યમંત્રી હેમંત સોરેને કહ્યું કે સરકારી નોકરીઓ માટે લેવામાં આવતી બધી પરીક્ષાઓ અને ભરતી રદ કરવામાં આવી છે, જેમાં JPSC (ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન) અને JSSC CGL (ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિટી-કમ્બાઈન્ડ ગ્રેજ્યુએટ લેવલ) પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

×૨૦૧૪ થી થયેલી બધી નાની કે મોટી ભૂલોની તપાસ કરવામાં આવશે. CID ૨૦૧૪ થી ઝારખંડમાં યોજાયેલી બધી પરીક્ષાઓની તપાસ કરશે,× સોરેને કહ્યું.જોકે, વિદ્યાર્થીઓએ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન દ્વારા તપાસનો આગ્રહ રાખીને તેમનો વિરોધ પાછો ખેંચવાનો ઇનકાર કર્યો છે.

# સીજેપીના આશુતોષ રંકાએ આરોપ લગાવ્યો કે બીજેપી નેતાઓ દ્વારા સ્થળ માલિકોને ’ધમકી’ આપ્યા બાદ કોલકાતા બેઠક રદ કરવામાં આવી

કોલકાતા,

કોકરોચ જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રંકાએ આરોપ લગાવ્યો હતો કે, ભાજપ નેતાઓ તરફથી બુક કરાયેલી જગ્યાના માલિકોને ધમકીઓ મળ્યા બાદ સંગઠનની આયોજિત કોલકાતા મીટિંગ રદ કરવામાં આવી છે. આગળ વધતા, રંકાએ કહ્યું, “ઉત્તર કોલકાતાના ભારત સભા હોલમાં અમારી આયોજિત કોલકાતા મીટિંગ હવે ભાજપના નેતાઓ તરફથી ધમકીઓ મળ્યા બાદ રદ કરવામાં આવી છે. રાજ્ય તરફથી ભારે દબાણ હોવાનો ઉલ્લેખ કરીને અન્ય ૬ હોલએ ઈનકાર કર્યો હતો.

તેમણે કોલકાતાના યુવાનો સાથે વાતચીત રદ કરવા પર નિરાશા વ્યક્ત કરી અને ટિપ્પણી કરી કે આ પગલું ફક્ત એ જ સાબિત કરે છે કે ભાજપ કોકરોચથી ડરે છે.

“આ ફક્ત એ હકીકતને મજબૂત બનાવે છે કે ભાજપ કોકરોચથી ડરે છે. અને જ્યારે આપણે ખરેખર બંગાળના સુંદર કોકરોચ સાથે વાતચીત કરવાનું ચૂકી જઈશું, ત્યારે અમે ખૂબ જ ટૂંક સમયમાં એક મોટી ઘટના સાથે તેની ભરપાઈ કરવાનું વચન આપીએ છીએ.”

આ સીજેપીના ચાલી રહેલા ×સ્કૂલ થીક કરો× અભિયાન વચ્ચે આવ્યું છે, જ્યાં સંગઠનના સભ્યો શહેરો અને ગામડાઓમાં સરકારી શાળાઓની મુલાકાત લેશે અને તેમની કાર્યકારી પરિસ્થિતિઓ અને સુવિધાઓનું નિરીક્ષણ કરશે.રંકાએ વચન આપ્યું હતું કે બંગાળના વંદા રાજ્યની શાળાઓની મુલાકાત લેતા રહેશે અને બંગાળ સરકારને તેમને સુધારવા માટે દબાણ કરશે.

“સૌથી અગત્યનું, બંગાળના વંદા સરકારી શાળાઓની મુલાકાત લેતા રહેશે અને બંગાળ સરકારને તેમને સુધારવા માટે દબાણ કરશે. ×તમે અમને જેટલા રોકશો, તેટલા મોટા આપણે બનીશું,× તેમણે ઉમેર્યું.

×શાળા થીક કરો× અભિયાન શું છે? નવી દિલ્હીમાં જંતર મંતર પર થયેલા સફળ વિરોધ પ્રદર્શન બાદ, જેના કારણે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પડ્યું, ઝત્તઁ એ તેની નવી યોજના અમલમાં મૂકી - જે દરેક રાજ્યના ગામડાઓ અને નગરોમાં સરકારી શાળાઓનું નિરીક્ષણ કરવાનું છે.

ઝત્તઁ ના સ્થાપક અભિજીત દિપકેએ ૧૫ ઓગસ્ટના રોજ મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લાના તેમના વતન ગામ સંતુક પિંપરીમાં એક સરકારી શાળાની મુલાકાત લઈને આ અભિયાનની શરૂઆત કરી હતી.

દિપકે યુવાન છોકરીઓ સાથે વાતચીત કરતા, શાળાની સુવિધાઓ પર તેમનો પ્રતિસાદ માંગતા જોઈ શકાય છે. તેમના સૂચનોના આધારે, CJP એ ગરીબ પાણી પુરવઠો, પીવાના પાણીની અછત, બેન્ચ, ગંદા શૌચાલય અને તૂટેલી બારીઓને વિદ્યાર્થીઓને પરેશાન કરતી કેટલીક સમસ્યાઓ તરીકે સૂચિબદ્ધ કરી.

મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, તેમની મુલાકાત બાદ, સ્થાનિક ગ્રામ પંચાયતે સરકારી શાળામાં સમારકામનો આદેશ આપ્યો. સંતુક પિંપરીના સરપંચ વિજય પુરીએ જણાવ્યું હતું કે ક્ષતિગ્રસ્ત બારીઓ અને બંધ સીસીટીવી કેમેરા બદલવામાં આવી રહ્યા છે.×અભિજીત દિપકે શાળામાં આવ્યા હતા અને તેની સુવિધાઓ તપાસી. અમે તેના પર કામ શરૂ કરી દીધું છે (તેમના દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રહેલી ખામીઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો). (ક્ષતિગ્રસ્ત) બારીઓ બદલવામાં આવી રહી છે, અને બંધ પડેલા સીસીટીવી કેમેરા બદલવામાં આવી રહ્યા છે,× પુરીએ જણાવ્યું.



# અફઘાનિસ્તાનના કાબુલમાં એક શાળા પાસે હેન્ડ ગ્રેનેડ હુમલામાં ૫૦ બાળકો ઘાયલ થયા

કાબુલ,

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં બપોરના સમયે એક શાળા નજીક થયેલા હેન્ડ ગ્રેનેડ હુમલામાં અનેક બાળકો ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.કાબુલ પોલીસ પ્રવક્તા ખાલિદ ઝદરાને સોમવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે ×ઘણા બાળકો× ઘાયલ થયા છે અને કહ્યું કે તપાસ ચાલી રહી છે. તેમણે વધુ વિગતો આપી ન હતી.

અફઘાનિસ્તાન માટે સંયુક્ત રાષ્ટ્રના ખાસ સંવાદદાતા રિચાર્ડ બેનેટે મંગળવારે ×એક શાળા નજીક અનેક બાળકોને નુકસાન પહોંચાડનારા જઘન્ય હુમલા× ની નિંદા કરી હતી.

અફઘાન મીડિયાએ જણાવ્યું હતું કે વિસ્ફોટમાં લગભગ ૫૦ બાળકો ઘાયલ થયા હતા, જે રાજધાનીના એક ભાગમાં મુખ્યત્વે હજારા વંશીય લઘુમતી વસ્તી ધરાવે છે. હજારા, જે અફઘાનિસ્તાનની વસ્તીના લગભગ ૯% છે, લાંબા સમયથી અફઘાનિસ્તાનમાં હુમલાઓ અને અત્યાચારનો ભોગ બન્યા છે. મોટાભાગના શિયા મુસ્લિમો છે, અને ભૂતકાળમાં તેમને ઈસ્લામિક સ્ટેટ જૂથ જેવા સુન્ની મુસ્લિમ કટ્ટરપંથીઓ દ્વારા વારંવાર નિશાન બનાવવામાં આવ્યા છે, જ્યારે સુન્ની બહુમતી દેશમાં તેમને ભેદભાવનો સામનો કરવો પડ્યો છે.મે ૨૦૨૧ માં, યુએસ-નેતૃત્વ હેઠળના સૈનિકોની અસ્તવ્યસ્ત પાછી ખેંચીને તાલિબાને અફઘાનિસ્તાનમાં સત્તા કબજે કરી તેના થોડા મહિના પહેલા, કાબુલમાં એક શાળામાં ત્રણ બોમ્બ વિસ્ફોટમાં ડઝનેક લોકો માર્યા ગયા, જે બધા હજારા સમુદાયના હતા અને જેમાંથી મોટાભાગની નાની છોકરીઓ વર્ગ છોડી રહી હતી.

# ભાજપ દ્વારા ૩ રાજ્યોના પ્રભારીની જાહેરાત; વિનોદ તાવડે- યુપી, સતીશ પુનિયા- પંજાબ, તરુણ ચુગ-

નવી દિલ્હી,

આવતા વર્ષે ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ હોવાથી, ભાજપે પાર્ટીના મોટા ફેરબદલના ભાગ રૂપે રાજ્યના નવા પ્રભારીઓની નિમણૂક કરી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને પાર્ટીના સંગઠનાત્મક ફેરફારોના ભાગ રૂપે ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગુજરાત માટે નવી નિમણૂકોની જાહેરાત કરી.

ઉત્તર પ્રદેશ માટે વિનોદ તાવડેને ભાજપના રાજ્ય પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે જગદીશ ઈશ્વરભાઈ પટેલને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પંજાબમાં, સતીશ પુનિયાને પાર્ટીના રાજ્ય પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તરુણ ચુઘને ગુજરાત માટે ભાજપના રાજ્ય પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ નિમણૂકો ભાજપના સંગઠનાત્મક માળખાને મજબૂત બનાવવા અને ત્રણ રાજ્યોમાં પાર્ટી પ્રવૃત્તિઓનું સંકલન કરવાના પ્રયાસોનો એક ભાગ છે.

૨૦૨૭ માં વિધાનસભાની ચૂંટણીઓ

૨૦૨૭ માં ઘણા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, જે રાજ્ય સ્તરના રાજકારણ માટે મહત્વપૂર્ણ વર્ષ બનાવે છે. ઉત્તર પ્રદેશ, પંજાબ, ગુજરાત, ઉત્તરાખંડ, ગોવા, મણિપુર અને હિમાચલ પ્રદેશમાં ચૂંટણીઓ યોજાવાની અપેક્ષા છે.

૪૦૩ વિધાનસભા બેઠકો ધરાવતું ઉત્તર પ્રદેશ સૌથી વધુ જોવામાં આવતી ચૂંટણીઓમાંની એક રહેશે. પંજાબમાં ૧૧૭ વિધાનસભા બેઠકો છે, જ્યારે ગુજરાતમાં ૧૮૨ બેઠકો છે. ઉત્તરાખંડ (૭૦ બેઠકો), ગોવા (૪૦ બેઠકો), મણિપુર (૬૦ બેઠકો) અને હિમાચલ પ્રદેશ (૬૮ બેઠકો) માં પણ ચૂંટણીઓ યોજાવાની છે.

ચૂંટણીઓ વર્ષભરમાં યોજાશે, જેમાં ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુર જેવા રાજ્યોમાં ૨૦૨૭ ની શરૂઆતમાં ચૂંટણી થવાની ધારણા છે, જ્યારે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વર્ષના અંતમાં મતદાન થવાની ધારણા છે, જે ચૂંટણી પંચના સમયપત્રકને આધીન છે.

ભાજપની રાષ્ટ્રીય ટીમમાં ફેરબદલ

વ્યાપક પુનર્ગઠનના ભાગ રૂપે, ભાજપે સોમવારે પક્ષ પ્રમુખ નીતિન નવીન હેઠળ તેના રાષ્ટ્રીય સંગઠનમાં ફેરફારની જાહેરાત કરી, જેમાં ઘણા નવા ચહેરાઓ અને અગ્રણી નેતાઓનો સમાવેશ થયો. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીને રાષ્ટ્રીય મહાસચિવ નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે ભૂતપૂર્વ RSS કાર્યકર્તા રામ માધવને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે.


પાર્ટીએ કહ્યું કે નવી ટીમ યુવાનો અને અનુભવ વચ્ચે સંતુલન બનાવે છે. જાળવી રાખવામાં આવેલા અનુભવી નેતાઓમાં રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયાનો પણ સમાવેશ થાય છે, જેમને પાર્ટીના ૧૩ ઉપપ્રમુખોમાંના એક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

વિસ્તૃત ટીમમાં જાહેર કરાયેલા ૬૫ પદાધિકારીઓમાંથી ૫૧ નવા ચહેરા છે, જેમાં ૧૨ મહિલા અને લઘુમતી સમુદાયના છ નેતાઓનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલને રાષ્ટ્રીય ખજાનચી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે મે ૨૦૧૪ માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રથમ મંત્રીમંડળમાં જોડાતા પહેલા તેઓ આ પદ સંભાળતા હતા. ભાજપે







બીએલ સંતોષને રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) તરીકે પણ જાળવી રાખ્યા છે, જે પાર્ટીના મુખ્ય સંગઠનાત્મક પદોમાંનું એક છે.

આ ફેરબદલમાં પાર્ટીના યુવા અને આઈટી પાંખોમાં પણ ફેરફાર જોવા મળ્યા. અમિત માલવિયાને છત્તીસગઢના દીપક મ્હસ્કેએ ભાજપના આઈટી વિભાગના વડા તરીકે સ્થાન આપ્યું છે. ગુજરાતના હેમાંગ જોશીને લોકસભા સાંસદ તેજસ્વી સૂર્યાના સ્થાને ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.૨૦૧૫માં તત્કાલીન પાર્ટી પ્રમુખ અમિત શાહના નેતૃત્વ હેઠળ ભાજપે આટલા મોટા પાયે ફેરબદલ કર્યાના એક દાયકા કરતાં વધુ સમય પછી સંગઠનાત્મક પરિવર્તન કરવામાં આવ્યું છે. આ ફેરફારોથી કેન્દ્રમાં સંભવિત કેબિનેટ ફેરબદલ અંગે અટકળો પણ શરૂ થઈ છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 166**
વિષય :-"રક્ષા બંધન-સંસ્મરણોનાં આંગણે પાછો ફરતો દિવસ"
શીર્ષક :- સ્નેહનો સંદેશ
પ્રકાર:પદ્ય.શબ્દો :૯૦

રક્ષાબંધન આવે અને સંસ્મરણો આંગણે પાછાં ફરે,
બાળપણની મીઠી વાતો પણ મનનાં ખૂણે ઝળહળે.

બહેન ભાઈને રાખડી બાંધે અને સ્નેહનાં રંગો ખીલે,
ભાઈના હૈયામાં બહેન પ્રત્યે વ્હાલનાં દીવા ઝગમગે.

મીઠાઈની મધુર સુગંધથી ઘરનું આંગણું અતિ મહેંકે,
હાસ્ય-મસ્તીના હિલોળે જૂની યાદો પણ સળવળે.

બાળપણનાં નાનાં ઝઘડાંઓ આજે મનને મીઠાં લાગે,
સાથે વિતાવેલી યાદગાર પળો આંખોમાં આવી જાગે.

દૂર રહેતા હોય છતાં પણ હદય થી ક્યાં દૂર થાય છે?
રાખડીનો એક દોરો ભાઈ-બહેનના સંબંધોને જોડે.

'મુરલી' રક્ષાબંધનનો આ દિવસ સ્નેહનો સંદેશ લાવે,
ભાઈ-બહેનનો આ સ્નેહ યુગો યુગો સુધી અમર બને.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)
★★★★★★★

**NOG SS NO:167**
વિષય:"રક્ષાબંધન..સંસ્મરણોના આંગણે"
શિર્ષક:"રાખી આનંદનો તહેવાર"
પ્રકાર:પદ્ય શબ્દો:૧૧૪

રાખી એ આનંદનો તહેવાર,છે ભાઈ-બહેનનો તહેવાર,
આંગણે આવી ઉભી છે બહેન,બે શબ્દો પ્રેમથી તું પૂછ.
હાથ પર બાંધીને રાખડી, શુભકામના તો કરતી રહે છે,
મારે સુરક્ષા જોઈએ છે,તારી નજીક હંમેશા રાખજે મને.
બંને ઘરને પ્રકાશિત કરતી, હરઘરની રોશની બની ચમકે,
ભાઈ-બહેનનું બંધન છે, હંમેશા વીરાની પૂજા કરતી રહે.
બહેને ઘરના આંગણે વિતાવેલ, બાળપણને તો ના ભૂલે,
ન થાય નારાજ બહેન, માટે આંગણું તારું ખુલ્લું રાખજે.
બહેન ભલે દૂર વસતી હોય, પણ એ દિલથી તો યાદ કરે.
ઉત્સાહથી આવે,ને આશિષ આપી ભાઈને પ્રેમથી મળે.
રાખી એ દોરાનું બંધન,ભાઈ-બહેન વચ્ચેના પ્રેમનું બંધન,
રાખી એ પ્રતીક છે, ભાઈ-બહેનના સાચા સંબંધનું બંધન.

નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)
★★★★★★★

**NOG SS No:226**
વિષય:- રક્ષાબંધન-સંસ્મરણોના આંગણે પાછો ફરતો દિવસ
શીર્ષક:-રક્ષાબંધન કહેવાય
રચના:પદ્ય શબ્દ:-૧૧૬

ભીની શ્રાવણી પૂનમના દિને જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય,
બહેનના હેતથી ભાઈ હરખી જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય.

શચી તપથી ઈન્દ્ર કાંડે રાખી જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય,
કૃષ્ણા વસ્ત્રાહરણે ચીર દેતાં જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય.

કુંતી માતા અભિમન્યુને હાથે જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય,
હુમાયુ કર્ણાવતીના પત્રે દોડી ના પહોંચે, એ રક્ષાબંધન કહેવાય.

સરહદે જવાનો જતાં રક્ષવાને જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય,
સમુદ્ર પાર બહેનો હેતે મોકલે જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય.

ભાઈ બહેનની રક્ષાનું લે પણ જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય,
બહેન ભાઈની રક્ષાનું લે પણ જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય.

કાચા દોરે બંધાતું રક્ષાકવચ જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય,
જન્મોજન્મના બંધમાં રહી પ્રેમે જે બંધાય, એ રક્ષાબંધન કહેવાય

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' (અમેરિકા)
★★★★★★★

**NOG SS No 387**
વિષય: રક્ષાબંધન- સંસ્મરણો નાં આંગણે પાછો ફરતો દિવસ
શીર્ષક: કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી ...
પ્રકાર: ગદ્ય, શબ્દો:૩૪૮

રક્ષાબંધન એટલે શૈશવ નાં આંગણે માબાપ ની છત્રછાયા હેઠળ વિતાવેલુ સુવર્ણ મધુર યાદો નું સંસ્મરણો નું પાવન પર્વ!. "ભાઈબહેન નો પરસ્પર નો પ્રેમ - પ્રેરક , પોષક અને પૂજક છે એ સંદેશો જગત ને આપે છે."

"આ ભોગ અને સ્વાર્થ ના જગત ની વચ્ચે નિઃસ્વાર્થ અને પવિત્ર એવી ભાઈબહેન ની સાચી પ્રેમ સગાઈ એ જાણે ખારા સમંદર ની વચ્ચે મીઠી વીરડી જેવી આશ્ર્ચર્યકારક ઘટના છે."બાળપણ માં કરેલ મસ્તી તોફાન માં ક્યારેક પપ્પા ના ગુસ્સા વખતે મમ્મી નાં પાલવ માં છુપાઈ ને મેળવેલ વ્હાલ!...એવી ઘણી બધી યાદો નો પટારો છે.

આવી અઢળક સહિયારી સ્મૃતિઓ નો કોઈ દસ્તાવેજ નથી કે કોઈ એની રજીસ્ટ્રી નથી થતી.કે નથી%.એ બંને વચ્ચે સહિયારુ રહે છે.જે સ્થળે નાની નાની વાતો માં ભાઈ બહેન પ્રેમ થી લડતા ઝઘડતા રહેતા હોય અને મોટા થઈને પછી એ ઘર ભાઈ નું અને બહેન માટે પિયર બની જાય છે.

ભાઈબહેને સારા/ માઠા સમયે એકબીજા ની સપોર્ટ સિસ્ટમ બનીને રહેવાનું છે.આ એક દિવસ પુરતી વાત નથી પણ આ સંસ્મરણો ની યાદ આ પવિત્ર દિવસ ની સુગંધ, ૨૪/૭ રહે તેવી કાળજી- પરસ્પર સંબંધોમાં મધુરતા લાવે છે."જીવન માં ઘણાં અણધાર્યા પ્રશ્નો સર્જાય છે, -જેમ કે માબાપ ની સંભાળ લેવી, પોતાના લગ્ન જીવન ની ઘણી સમસ્યાઓનો હોય કે પછી ?.ને લગતો મામલો હોય" -"જીવન નાં અમુક વળાંકો અસહ્ય અને અકથ્ય હોય છે.માણસ બહાર થી મજબૂત દેખાતો હોય અને અંદર થી તૂટતો હોય ત્યારે રક્ષા ની જરૂર હોય છે." રક્ષા નો અર્થ એ નથી કે એ તમારા બદલે લડી લે.પણ મારી સપોર્ટ સિસ્ટમ મારી પડખે અડીખમ છે.એ અહેસાસ તેના મુશ્કેલ સમયે તેનો આત્મવિશ્વાસ ટકાવી, કપરો સમય પસાર કરવા ખૂબ જ કારગત સાબિત થાય છે.

રક્ષાબંધન એટલે ભાઈ નાં કાંડે રાખડી બાંધવી અને ભાઈ કંઈક ભેટ આપે એટલાં પૂરતો જ નથી.પણ કાચા સૂતર નાં તાંતણે પણ મજબૂત સ્નેહ ગાંઠે સિંચેલો/ બંધાયેલો છે .આ સંબંધ નું પાવિત્ર્ય છે.

આ પાવન પ્રસંગે દ્રૌપદી -શ્રી કૃષ્ણ ની યાદ અચૂક તાજી થાય છે.
"ફૂલો કા તારો કા સબકા કહેના હૈ...
એક હજારો મેં મેરી બહેના હૈ...મેરા ભૈયા હૈ...
સારી ઉંમર હમેં સંગ રહેના હૈં..."
પુનિતા બેન -અમદાવાદ
★★★★★★★

**NOGSS NO :158**
વિષય: રક્ષાબંધન: સંસ્મરણોના આંગણે પાછો ફરતો દિવસ
શીર્ષક: સંવેદનાઓનું બંધન
પ્રકાર: પદ્ય ?? શબ્દો:૮૪

સંસ્મરણોના આંગણે ફરે પાછો? રક્ષાબંધન આવે,
ભાઈ બહેનની મીઠડી વાતો સાથે લેતો આવે!

રક્ષાબંધન પર્વ રુડું ભાઈ બહેનનો પ્યાર,
સુતરનો તાંતણે બાંધે રક્ષા ખુશી અપાર!

રક્ષાબંધન પ્રેમનો પાવન છે તહેવાર,
બહેન ભાઈના માટે માંગે સુખી સંસાર!

ભાઈ બહેનના પ્રેમમાં સુખનો છે એહસાસ,
આજ પ્રેમની જિંદગી આજ સમય ખાસ!
'પ્રેમ' સ્નેહ સમર્પણ સંવેદનાઓનું છે બંધન,
બધાને તાતણે? જોડી રાખતું પર્વ રક્ષાબંધન!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ'
(આદરીયાણા- સુરેન્દ્રનગર)
★★★★★★★

**NOGSS NO : 161**
વિષય : રક્ષાબંધન..
સ્મરણોના આંગણે પાછો ફરતો દિવસ
શિર્ષક : મોટીબેન
પ્રકાર : લઘુ વાર્તા શબ્દો : ૩૨૮

હેમંતને આજે રવિવારે રજા. આખા અઠવાડિયાનુ ઘરમાં ઘણું કામ બાકી હતું પરંતુ કામ આટોપવાની ઈચ્છા થતી ન હતી. ભલે તહેવાર હોય પણ હવે આટલે દૂર મને મળવા કે રાખડી બાંધવા કોણ આવવાનું છે ? આવું વિચારીને હેમંત શુષ્ક મનથી પથારીમાં જ પડ્યો રહ્યો.

સ્મરણોની બારી ખોલી અને પોતાની મોટી બહેન યાદ આવી ગઈ. " કેટલું બધું લડતી હતી મને...જાણેકે હું સાવ નાનો કીકલો હોઉં. રાજસ્થાનના સાવ અંતરિયાળ ગામમાંથી હું અહીં બૉમ્બે જેવા વિશાળ ફલક પર આવીને સ્થાયી થયો ફક્ત મારી મોટીબેનના કડક સ્વભાવને લીધે.

આખા દિવસની જૉબના કારણે મોટીબહેન સાથે તો જાણે કેટલાય સમયથી વાત પણ નહોતી થતી. આંખોમાં થોડો ભેજ વર્તાયો. બળેવને દિવસે કયો ભાઈ એવો હોય કે જેને બહેનની યાદ ના આવે ? પોતાનાં સૂના કાંડા પર નજર ગઈ અને બહેનને ફોન કરવાનું વિચારી ફોન હાથમાં લીધો. પરંતુ ફોન ના લાગ્યો. ગુસ્સામાં મોબાઈલ પથારીમાં જ ફેંક્યો. ચા પીવાની ઈચ્છા થઈ. ગૅસ ચાલુ કરી ચા નું વાસણ ગૅસ પર ચડાવી પાણી ઉમેરવા માટલા પાસે ગયો. એટલામાં દરવાજા પર ઘંટડી વાગી. જોયું તો સાક્ષાત્ મોટીબેન હાજર!! " આ શું ચડાવ્યું છે ગૅસ પર ? પાણી તો નાખ! વાસણ બળી જશે. હે ભગવાન તું ક્યારે સુધરીશ?" કહીને પોતે જ ચા બનાવવા લાગી. પાછળથી આવીને હેમંત મોટીબેનને વળગી પડ્યો. બસ આમ જ મોટી બેન મને વઢતી રહે, ટકોરતી રહે ! તારો આવો લઢીને રખાતો પ્રેમ હું અહીં બહુ
આભાર - નિહારીકા રવિયા મીસ કરું છું. તારી આવી ટકોરથી જ તો હું અહીં સારી જૉબ પર છું. તને ખબર છે મોટીબેન , હમણાં તારા જ વિચાર કરતો હતો હું! તું સો વરસની થવાની બોલ! તું અહીં મારી પાસે જ રહી જા મોટીબેન! મા૰ પપ્પા પછી તે પોતાનું આખું જીવન મારા માટે જ સમર્પિત કરી દીધું છે. હું જાણું છું. " કહેતાં જ મોટીબેનને વળગીને હેમંત રડી પડ્યો.

"બસ હવે ચાલ રડ નહીં. તારો હાથ લાવ પહેલા રક્ષાબંધન કરીએ પછી ચા પીએ! પછી આટલા દિવસોનું તને લઢવાનું કામ પણ કરી જ લેવાની છું સમજ્યો?" કહીને પોતાના લાડકા ભાઈનો કાન મરોડ્યો. પછી બંને ભાઈ-બેને એકબીજાના ગાલ પરનાં આંસુ લૂછયા અને રક્ષાબંધન ઉજવી. અસ્તુ!
ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)

# શ્રાવણ માસનું આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક જોડાણ




શ્રાવણ માસ હિન્દુ પંચાંગનો અત્યંત પવિત્ર અને ધાર્મિક મહિનો છે, જે ભગવાન શિવની આરાધના, રુદ્રાભિષેક અને ઉપવાસ માટે સમર્પિત છે. આ માત્ર આધ્યાત્મિક દ્રષ્ટિએ જ નહીં, પરંતુ આયુર્વેદ, શરીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના દ્રષ્ટિકોણથી પણ અત્યંત વૈજ્ઞાનિક અને સ્વાસ્થ્યવર્ધક છે.

શ્રાવણ માસ, શિવપૂજા અને ઉપવાસના વૈજ્ઞાનિક અને આરોગ્યપ્રદ કેટલાંક તારણો :

૧. ઋતુચક્ર અને પાચનશક્તિ :

★ શ્રાવણ માસ સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં આવે છે. આ સમય દરમિયાન હવામાં ભેજનું પ્રમાણ વધુ હોય છે, જેના કારણે આપણા શરીરની જઠરાગ્નિ (પાચનશક્તિ) મંદ પડી જાય છે.

★ ઉપવાસના ફાયદા: આયુર્વેદ અનુસાર, આ સમયે હળવો ખોરાક લેવો અથવા ઉપવાસ કરવો ઉત્તમ છે. ઉપવાસ કરવાથી પાચનતંત્રને આરામ મળે છે, ઉપવાસમાં ફરાળી અને હલકો ખોરાક ગ્રાહ્ય છે. શરીરમાં જામેલ વિશુદ્ધીઓ દૂર થાય છે અને એસિડિટી કે પેટના રોગો સામે રક્ષણ મળે છે. એટલે જલ્દી બીમારી આવતી નથી.

૨. આહાર નિયંત્રણ અને શુદ્ધિકરણ :

★ શ્રાવણ માસમાં લસણ, ડુંગળી, તામસિક ખોરાક, નોન-વેજ અને ભારે વાનગીઓનો ત્યાગ કરવામાં આવે છે. આ તમામ ચીજો પચવામાં ભારે હોય છે અને શરીરમાં પિત્ત કે કફ વધારી શકે છે.

★ ફળાહાર, દૂધ, છાશ, સાબુદાણા અને સેંધા નમકવાળો હળવો સાત્વિક આહાર શરીરના અંદરના અંગોને ડિટોક્સ કરે છે, જે લોહીની શુદ્ધિ અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ઉપવાસમાં ભૂખ્યા રહેવું જરૂરી નથી.

૩. જળવાયુ પરિવર્તન અને સ્વાસ્થ્ય રક્ષણ :

★ ચોમાસાની ઋતુમાં પાણીજન્ય રોગો અને બેક્ટેરિયલ ઈન્ફેક્શનનું જોખમ સૌથી વધુ હોય છે.તેથી મોટાભાગે લોકો દાઢી અને વાળ કપાવવાનું ટાળે છે બ્લેડ વાગવાથી અથવા અન્ય કોઈનું ઈન્ફેકશન થવાની શક્યતા રહેલ છે. ઉપવાસ દરમિયાન બહારનું ખાવાનું ટાળવું જોઈએ.ઉપવાસ શરીર અને મનની સ્ફૂર્તિ માટે છે એનાથી અન્ય કોઈ પુણ્ય મળવાનું નથી. દાઢી અને વાળ વધારીને એ સંદેશ આપવાનો છે કે બહારની સુંદરતા નહી પરંતુ અંદરની વિચારોની ,વ્યવહારની સુંદરતા સારી જોઈએ. એટલેકે બાહ્ય દેખાવમાં અને દેખાદેખીમાં ભક્તિ નથી.

૪. શિવ પૂજા અને માનસિક સ્વાસ્થ્ય :

★ શ્રાવણ માસમાં મંદિરોમાં શિવલિંગ પર જળ, દૂધ, બિલીપત્ર અને ધતુરો ચડાવાય છે. મંદિરોમાં શંખનાદ, મંત્રોચ્ચાર ('ૐ નમઃ શિવાય') અને ઘંટારવથી એક ખાસ પ્રકારની સોનિક કંપનો ઉત્પન્ન કરવામાં આવે છે.

★ માનસિક શાંતિ : આ શંખનાદ અને ધ્વનિ યંત્રોમાંથી ઉત્પન્ન થયેલ ધ્વનિ તરંગો (ઘોંઘાટ નહિ ) હકારાત્મક હોર્મોસનું પ્રમાણ વધારે છે અને માનસિક એકાગ્રતા વધારવામાં મદદ કરે છે.

૫. જળ અને પ્રકૃતિ સાથે જોડાણ :

★ શિવલિંગ પર જળ કે દૂધની સતત ધારા/અભિષેક કરવાથી મનને અત્યંત શીતળતા અને શાંતિ મળે છે.પાર્થેશ્વર પૂજાથી બનાવેલ શિવલિંગ જળમાં પધરાવતાં તેમાં જોડેલ અનાજ અને કથોલથી અન્ય જીવ સૃષ્ટિને પોષણ મળે છે.

★ આ વૈજ્ઞાનિક રીતે સાબિત છે કે પાણી અને પ્રકૃતિની નજીક રહેવાથી અથવા તેના સ્પર્શથી હાઈપરટેન્શન અને તણાવ ઘટે છે.

ઈ નિષ્કર્ષ :

આપણા ઋષિમુનિઓએ વિજ્ઞાનને ધર્મ સાથે જોડીને વૈદિક પરંપરાઓ બનાવી હતી. શ્રાવણ માસના ઉપવાસ અને શિવ પૂજા એ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ બદલાતી ઋતુમાં શારીરિક સ્વાસ્થ્ય જાળવવાની, મનને નિયંત્રિત કરવાની અને શરીરને શુદ્ધ કરવાની એક ઉત્તમ વૈજ્ઞાનિક જીવનશૈલી છે.આ તમામ મુદ્દાઓને ધાર્મિકતાનો વૈજ્ઞાનિક અનુબદ્ધ છે જેમાં તહેવારનું મહત્વ ખોજ જ્ઞાનનો સંદ્ધ લીધેલ છે. દરેક તહેવારની મહિમા તેના વૈજ્ઞાનિક , શારીરિક અને મનોવિજ્ઞાન પાસાઓનો અનુબદ્ધ રજુ કરે છે.શિવ તત્વને નીરખવા અધ્યાત્મિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો સમન્વય થવો જોઈએ.

સંકલન : ડૉ.ઝુઝારસંગ એન.સોઢા (આચાર્યશ્રી)
પી.પી.જી.એક્સપેરીમેન્ટલ હાઈસ્કૂલ,પાટણ

# અમર પ્રેમની ૫ વાર્તાઓ - હીર-રાંઝા, સોની-મહિવાલ, લૈલા-મજનુ, શિરી-ફરહાદ અને આસુક-માશુક!(સંત સુરા)

પ્રેમનો ઈતિહાસ એટલે ત્યાગ, વેદના અને સમર્પણનો ઈતિહાસ. દુનિયામાં કેટલીક પ્રેમ કહાનીઓ એવી છે જે સદીઓ વીતી જવા છતાં આજે પણ આપણા દિલને સ્પર્શે છે. આવી જ ૫ અમર પ્રેમગાથાઓ.

૧. હીર-રાંઝા - પંજાબની માટીની સુગંધ
હીર સિયાલ કબીલાની દીકરી અને રાંઝા તખ્ત હઝારાનો રાજકુમાર. ઘર છોડીને રાંઝા હીરના ગામ ભેંસો ચરાવવા આવ્યો. બંસરીના સૂરથી શરૂ થયેલો પ્રેમ જાતિના કારણે તૂટ્યો. હીરના લગ્ન બીજે થયા, રાંઝા જોગી બન્યો. અંતે બંનેએ ઝેર ખાઈને એક થવાનું પસંદ કર્યું.
શીખ: સાચો પ્રેમ સામાજિક બંધનોને નથી માનતો. વારસી શાહે આને અમર બનાવી.

૨. સોની-મહિવાલ - ચેનાબ નદીની સાક્ષી
સોની કુંભારની દીકરી. મહિવાલ બુખારાનો વેપારી. સોની માટે મહિવાલ નોકર બન્યો. રોજ રાતે ચેનાબ નદી તરીને મળવા જતા. લગ્ન પછી પણ પ્રેમ ના ભૂલ્યો. એક રાતે તોફાનમાં સોની માટલાના સહારે નદીમાં હતી. મહિવાલે બચાવવા ઝંપલાવ્યું. બંને ડૂબી ગયા.
શીખ: સાચા પ્રેમ માટે જાનની પણ પરવા નથી.

૩. લૈલા-મજનુ - આરબની સૌથી મોટી પ્રેમગાથા
કૈસ અને લૈલા બાળપણના મિત્ર. મોટા થતા પ્રેમ થયો. પણ જાતિને કારણે લૈલાના લગ્ન બીજે કરાવી દીધા. કૈસ વિરહમાં "મજનુ" એટલે પાગલ થઈ ગયો. રણમાં ભટકીને લૈલા માટે શેર લખ્યા. કહેવાય છે બંનેનું મૃત્યુ એક જ દિવસે થયું.
શીખ: પ્રેમમાં ત્યાગ અને વેદના પણ હોય છે.

૪. શિરી-ફરહાદ - પથ્થર તોડતો પ્રેમ
ઈરાનની રાણી શિરીના પ્રેમમાં શિલ્પકાર ફરહાદ પડ્યો. બાદશાહે શરત મૂકી "પર્વતમાંથી નહેર કાઢ તો શિરી તારી". ફરહાદે પર્વત ચીર્યો. પણ ખોટા સમાચારથી "શિરી મરી ગઈ" માનીને તેણે આપઘાત કર્યો. સાચા સમાચાર મળતા શિરીએ પણ જાન આપી.
શીખ: મહેનત અને સમર્પણનું નામ જ સાચો પ્રેમ.

૫. આસુક-માશુક - હિંમતનું પ્રતીક
આ પંજાબની ત્રીજી મોટી લોકગાથા છે. આસુક પટિયાલાનો જટ્ટ ખેડૂતનો દીકરો. માશુક પડોશી ગામની જટ્ટની દીકરી. બાળપણનો પ્રેમ. પણ માશુકના માતા-પિતાએ તેના લગ્ન બીજે નક્કી કર્યા.

લગ્નના દિવસે આસુકે બારાત પર હુમલો કરીને માશુકને ભગાડી. રસ્તામાં માશુકના ભાઈઓ અને ગામવાળાઓ સાથે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં આસુક અને માશુક બંને લડતા-લડતા શહીદ થયા.
શીખ: આ કહાની "પ્રેમ માટે લડવું" શીખવે છે. આજે પણ પંજાબી ઢોલા અને લોકગીતોમાં તેમના નામ ગવાય છે.

આ ૫ કહાનીઓનો સાર
૧. વિરોધ: બધામાં સમાજ, જાતિ, રાજા અડચણ બન્યા.
૨. ત્યાગ: જીવ આપીને પણ વફાદારી નિભાવી.
૩. અમરતા: શરીર ગયા પણ નામ લોકસાહિત્યમાં જીવંત છે.

એ વાસ્તે પણ નવી પેઢી માટે સંદેશ: પ્રેમનો અર્થ ફક્ત "મળવું" નથી. તેનો અર્થ છે "સમજવું, સાથ આપવો અને જરૂર પડે લડવું"!
લેખક:સુનીલ રાજેન્દ્ર બર્મન
(સંત સુરા)સુરત

## સાબરકાંઠામાં 'ભૂમિ સીમાંકન' પાયલોટ પ્રોજેક્ટની મોટી સફળતા

# ૧૩,૫૦૮ જમીન માપણી અરજીઓનો ૪૫ દિવસમાં નિકાલ, લેન્ડ રેકોર્ડ્ઝ અધિકારીનું સન્માન



ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ખેતીની જમીનના રી-સરવે બાદ ઉભા થયેલા વાંધા-નિકાલની પ્રક્રિયાને સમયમર્યાદામાં પૂર્ણ કરવા શરૂ કરાયેલા 'ભૂમિ સીમાંકન' પાયલોટ પ્રોજેક્ટમાં સાબરકાંઠા જિલ્લાએ નોંધપાત્ર કામગીરી કરી છે. જિલ્લામાં પેન્ડિંગ રહેલી કુલ ૧૩,૫૦૮ જમીન માપણી અરજીઓનો માત્ર ૪૫ કાર્યકારી દિવસમાં નિકાલ કરવામાં આવ્યો છે. આ સિદ્ધિ બદલ ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી દરમિયાન ખેડબ્રહ્મા ખાતે પ્રભારી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે જિલ્લા સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકોર્ડ્ઝ અધિકારી નવલ માયાણીનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગત ૧૫ જૂન ૨૦૨૬ની સ્થિતિએ જિલ્લામાં રી-સરવે બાદની ૧૩,૫૦૮ વાંધા અરજીઓ માપણી માટે પડતર હતી. આ કામગીરીને ઝુંબેશના સ્વરૂપમાં હાથ ધરવા માટે સરકારી અને લાયસન્સી સરવેયરોની સંયુક્ત ૨૦ ટીમો બનાવવામાં આવી હતી. દરેક ટીમમાં એક સરકારી અને એક લાયસન્સી સરવેયરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. માપણી કામગીરી દરમિયાન ગામોના ક્લસ્ટર બનાવી ખાતેદારો અને ગ્રામ પંચાયતોને અગાઉથી જાણ કરવામાં આવી હતી. નક્કી કરાયેલા સ્થળ અને સમયે ખાતેદારોની હાજરીમાં તેમના કબજા-ભોગવટા મુજબ જમીનની માપણી કરવામાં આવી હતી. વરસાદી માહોલ અને વિવિધ ભૌગોલિક મુશ્કેલીઓ વચ્ચે પણ ટીમોએ કામગીરી ચાલુ રાખી હતી.

૧૦ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં તમામ ૧૩,૫૦૮ અરજીઓની માપણી પૂર્ણ કરી દેવામાં આવી છે. આ કામગીરીમાં જિલ્લા સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકોર્ડ્ઝ અધિકારી નવલ માયાણી, તાલુકાના જમીન દફતર નિરીક્ષકો તથા માપણી ટીમોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

હવે માપણી પૂર્ણ થયેલી તમામ અરજીઓના આધારે સરકારી રેકોર્ડમાં જરૂરી ક્ષેત્રફળ અને જમીનની હદ સંબંધિત સુધારા-વધારાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેના કારણે જમીનના મહેસૂલી રેકોર્ડ વધુ સચોટ બનવાની સાથે ખેડૂતોના લાંબા સમયથી પડતર જમીન સંબંધિત પ્રશ્નોના નિરાકરણને વેગ મળવાની શક્યતા છે.



ગોંડલ તાલુકા પો.સ્ટે. ના ભોજપરા ગામે મુરલીધર પ્રોટીન્સ નામ ના કારખાના માં ખાદ્ય તેલમાં ભેળસેળ યુકત જથ્થો પકડી પાડતી એસ.ઓ.જી બ્રાંચ, રાજકોટ ગ્રામ્ય.નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી નિર્લિપ્ત રાય (જી) રાજકોટ રેન્જ, રાજકોટ નાઓના માર્ગદર્શન મુજબ પોલીસ અધીક્ષક શ્રી વિજયસિંહ ગુર્જર (જી)રાજકોટ ગ્રામ્ય, રાજકોટ નાઓ દ્વારા રાજકોટ જીલ્લામાં ખાદ્ય વસ્તુ માં ભેળસેળ કરતા ઈસમો ઉપર કાયદેસરની કાર્યવાહી કરી અસરકારક કામગીરી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અનુસંધાને નીચે મુજબની પરીણામલક્ષી કામગીરી કરવામાં આવેલ છે.જણાયેલ કે, ભોજપરા ગામની સીમ માં આવેલ પ્લોટ નં.૫૯/૭/૧, માં આવેલ મુરલીધર પ્રોટીન્સ નામ ના શેડમાં ખાદ્ય તેલ માં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા હોય, તેવી ચોકકસ હકિકત આધારે હકીકત વાળી જગ્યાએ ફુડ સેફટી ઓફીસર ખોરાક અને ઓષધ નીયમન તંત્ર રાજકોટ ને સાથે રાખી રેઈડ કરતા ખાદ્ય તેલમાં ભેળસેળ કરી મળી આવતા જે બાબતે કાયદેસરની કાર્યવાહી કરી પરીણામલક્ષી કામગીરી કરવામાં આવેલ છે.

## તલોદની સોપારીની દુકાનમાંથી રૂ.૨.૭૫ લાખની ચોરી કરનાર શખ્સ વડોદરાથી પકડાયો

સાબરકાંઠા જિલ્લાના તલોદમાં આવેલ એક સોપારીની દુકાનમાં પાંચ વર્ષ અગાઉ સોપારીના ૧૫ કટ્ટા તથા રોકડ મળી અંદાજે રૂ.૨.૭૫ લાખની મત્તાની ચોરી કરનાર શખ્સને સાબરકાંઠા એલસીબીએ બાતમીને આધારે તાજેતરમાં વડોદરાની ગોલ્ડન ચોકડી નજીકથી દબોચી લીધો હતો ત્યારબાદ વધુ તપાસ માટે તેની તલોદ પોલીસે અટકાયત કરી તલોદ પોલીસને હવાલે કરાયો હતો.

આ અંગે એલસીબીના પીઆઈ ડી.સી.સાકરીયા તથા પીએસઆઈ વી.આર.ચૌહાણને એવી બાતમી મળી હતી કે પાંચ વર્ષ અગાઉ તલોદની સોપારીની દુકાનનું તાળુ તોડી અંદર પ્રવેશી મહિસાગર જિલ્લાના ડેભારી ગામનો રાજેન્દ્ર કેશવલાલ સુથારએ સોપારીની દુકાનમાંથી અંદાજે રૂ.૨.૭૦ લાખના ૧૫ કટ્ટા તથા રૂ.૫૩૪૦ રોકડ મળી અંદાજે રૂ.૨.૭૫ લાખની ચોરી કરી લઈ ગયો હતો જે અંગેની ફરીયાદ તત્કાલિન સમયે તલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પરંતુ રાજેન્દ્ર સુથાર પાંચ વર્ષથી નાસતો ફરતો હતો.

દરમ્યાન રાજેન્દ્ર સુથાર વડોદરાની ગોલ્ડન ચોકડી નજીક ફરતો હોવાની સાબરકાંઠા એલસીબીને મળેલી બાતમી બાદ પોલીસે વડોદરા જઈને તેની પુછપરછ કર્યા બાદ સોપારીની ચોરીમાં સંડોવાયેલો હોવાની વિગતો જાણીને સાબરકાંઠા એલસીબીએ તેને પકડી લીધો હતો અને વધુ તપાસ માટે તરત જ અટકાયત કરીને તલોદ પોલીસને હવાલે કરાયો હતો.

## પોશીના પોલીસનીકસ્ટડીમાં રહેલ શકમંદ આરોપીએ ઘાતક હથિયારથી આત્મહત્યાનો પ્રયાસ કર્યો!

પોશીના પોલીસ મથકમાં થોડા દિવસ અગાઉ નોંધાયેલી એક એડીના મામલે પોલીસે એક શકમંદ આરોપીને કસ્ટડીમાં રાખ્યો હતો. દરમિયાન કસ્ટડીમાં રહેલા આ શકમંદ આરોપીએ ઘાતક હથિયાર વડે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવતા પોલીસ તંત્રમાં દોડધામ મચી હોવાનું જાણવા મળે છે.

ઘટના બાદ ઈજાગ્રસ્ત શકમંદ આરોપી ને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર ની નવી સિવિલ ખાતેખસેડવામાં આવ્યો હતો અને હાલ તે સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે.




કસ્ટડીમાં રહેલા વ્યક્તિ પાસે ઘાતક હથિયાર કેવી રીતે પહોંચ્યું અને પોલીસ મથકમાં કસ્ટડી દરમિયાન સુરક્ષાની વ્યવસ્થા કેવી હતી તે સહિતના અનેક ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ થાય તેવી માંગ પણ ઉઠી છે. ખાસ કરીને તા.૦૫ ઓગસ્ટથી તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન પોશીના પોલીસ મથકના તમામ સી.સી ટીવી કેમેરાના ફૂટેજની સઘન તપાસ કરવામાં આવે તો ઘટનાક્રમ અંગેના અનેક મહત્વના તથ્યો બહાર આવી શકે તેવી ચર્ચા છે. કસ્ટડીમાં શકમંદ આરોપીને ક્યાં રાખવામાં આવ્યો હતો,તેની હિલચાલ શું હતી,પોલીસ સ્ટેશન મા કેટલાપોલીસ કર્મચારીઓની હાજરી હતી અને ઘાતક હથિયાર તેના સુધી કેવી રીતે પહોંચ્યું તે બાબત સી.સી.ટીવીની તપાસથી સ્પષ્ટ થઈ શકે છે. હાલ શકમંદ આરોપી સારવાર હેઠળ હોવાથી તેની તબિયત અને ઘટનાની સંપૂર્ણ હકીકત અંગે સત્તાવાર તપાસના પરિણામની રાહ જોવાઈ રહી છે. સમગ્ર મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સી.સી.ટીવી ફૂટેજ સહિતની તપાસ કરવામાં આવે છે કે કેમ તેના પર પણ સૌની નજર છે.

## સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે થેલેસેમીયા પરીક્ષણ કરવામાં આવ્યું



ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજ દ્વારા સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી શંકરસિંહજી વાઘેલા બાપુ જન્મોત્સવ અનુસંધાને છેલ્લા એક મહિનાથી વિવિધ સામાજીક સેવા કાર્યો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, તેના ઉપક્રમે કોલેજ વિમેન ડેવલોપમેન્ટ સેલ, રાષ્ટ્રીય સેવા યોજના એકમ સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ ગાંધીનગર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાના સહયોગથી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત સ્ટેટ બ્રાન્ચની મેડીકલ ટીમ દ્વારા કોલજમાં પ્રવેશ મેળવેલ વિધાર્થી ભાઈઓ - બહેનોનું થેલેસેમીયા પરીક્ષણ સંસ્થાના ટ્રસ્ટીશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, કેમ્પસ રજીસ્ટ્રાર ડૉ. એમ ડી પાંડે અને જીલુભા ધાંધલના માર્ગદર્શનમાં કરવામાં કરવામાં આવ્યું, પરીક્ષણનો પ્રારંભ સંસ્થાના આચાર્ય ડૉ આશિષ જનકરાય દવે, કોલેજ ભૂતપૂર્વ વિધાર્થી મંડળના પ્રમુખ દિપકભાઈ પ્રજાપતિ અને ઉપસ્થિત અધિકારી તેમજ તબીબો દ્વારા પ્રકૃતિ તુલસી પૂજન દ્વારા કરવામાં આવ્યો, સંસ્થાના કુલ ૨૭૦ વિધાર્થીઓનું થેલેસેમીયા પરીક્ષણ પ્રતિવર્ષ મુજબ કોલેજના ભૂતપૂર્વ વિધાર્થી સેલના આર્થિક સહયોગથી કરવાના આવ્યું, રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો દ્વારા સમગ્ર વ્યવસ્થા સંભાળેલ હતી, કાર્યક્રમનું આયોજન કોલેજ વિમેન ડેવલોપમેન્ટ સેલ અધ્યક્ષ ડૉ રમીલાબેન પટેલ અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસ ડૉ. નીતેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## હૃદયપૂર્વક આભાર અને અભિનંદન



આજે ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ તરફ થી આપણી શાળા ને ૫૦,૦૦૦/- (પચાસ હજાર પુરા) નો ચેક મળેલ છે. તે બદલ ચેરમેન શ્રી સાજીદભાઈ ખાનજી નો એફ યુ મલેક શાળા પરિવાર તથા કસ્બા એજ્યુકેશન ટ્રસ્ટ ખૂબ ખૂબ આભાર માને છે.આપની સંસ્થા નો સહયોગ અમને હર હંમેશ મળતો રહ્યો છે અને શાળા પ્રત્યેની આપની લાગણી ખરેખર પ્રશંસનીય છે.

## મહેસૂલી તલાટી અને તલાટી કમ-મંત્રી કામગીરી અને જવાબદારીઓ અલગ થઈ, લાંબા સમયની માગ પૂર્ણ

ગુજરાત સરકારે તલાટીઓની લાંબા સમયની માંગણી સંતોષી છે. પંચાયત વિભાગના મંત્રીએ જાહેરાત કરી કે, રાજ્યમાં મહેસૂલી તલાટી અને તલાટી કમ-મંત્રીની કામગીરી હવે સત્તાવાર રીતે અલગ કરાઈ છે. મહેસૂલ વિભાગના નવા ઠરાવ મુજબ, બંને કેડર માટે અલગ જોબચાર્ટ નક્કી કરાયા છે. આ નિર્ણયથી વહીવટી અસમંજસતા દૂર થશે અને ગ્રામ્ય સ્તરે કામગીરી વધુ ઝડપી બનશે. ગુજરાતના તલાટીઓ માટે એક મોટા અને રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયની પડતર માંગણીને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે મહેસૂલી તલાટી અને તલાટી કમ-મંત્રીની કામગીરી અને જવાબદારીઓ સત્તાવાર રીતે અલગ કરી દીધી છેરાજય સરકારના પંચાયત વિભાગના મંત્રીએ આ બાબતે જાણકારી આપી હતી. રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા ઠરાવ મુજબ, હવે બંને કેડરના કર્મચારીઓ માટે અલગ-અલગ જોબચાર્ટ નક્કી કરવામાં આવ્યા છે. આ નિર્ણયને પગલે ગુજરાતમાં મહેસૂલી તલાટી અને તલાટી કમ-મંત્રીની ફરજો વચ્ચેની ભેદરેખા હવે સ્પષ્ટ થઈ ગઈ છે. લાંબા સમયથી આ બંને કેડરની કામગીરી અલગ કરવા માટે માંગ કરવામાં આવી રહી હતી, જેને સરકારે આખરે મંજૂરી આપી દીધી છે.આ નવા ફેરફારથી સૌથી મોટો ફાયદો વહીવટી કામગીરીમાં થશે. અત્યાર સુધી કામગીરીને લઈને જે અસમંજસતા અને ઓવરલેપિંગની સમસ્યાઓ ઊભી થતી હતી, તેનો હવે સંપૂર્ણપણે અંત આવશે. જવાબદારીઓની આ સ્પષ્ટ વહેંચણીથી ગ્રામ્ય સ્તરે ઉદ્ભવતી વહીવટી ગૂંચવણો દૂર થશે, જેના પરિણામે વહીવટી કામગીરી વધુ ઝડપી અને પારદર્શક બનશે.મહેસૂલી તલાટી હવે મુખ્યત્વે જમીન મહેસૂલ, જમીન રેકર્ડ અને મહેસૂલ કાયદા સંબંધિત કામગીરી સંભાળશે, તે ઉપરાંત જમીનના રેકર્ડ, હદનિશાન, સરકારી જમીન, ગૌચર, ખાણ-ખનિજ અને જમીન દબાણ અંગેની કામગીરીની જવાબદારી સોંપાઈ છે.




ધન્વંતરિ આયુર્વેદિક ઉદ્યાન ખાતે ૧૫ ઓગસ્ટ ના રોજ સવારે ૮.૧૫ કલાકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, પાલડી ભાગ ના સંઘ ચાલકજી ડો કે. એસ. પુરોહિત ( સુભદ્રા હોસ્પિટલ ) ના વરદ હસ્તે ત્રિરંગા ધ્વજ નું આરોહણ થયું. ઈજીજી પાલડી ભાગ ના સામાજિક સદભાવ કાર્ય પ્રમુખ શ્રી તિલક શાસ્ત્રી ખાસ હાજર રહ્યા હતા. સદવિચાર પરિવારના સંચાલિકા શ્રીમતિ પૂર્ણિમાબેન શાસ્ત્રીના સહયોગથી વરિષ્ઠ નાગરિકો દ્વારા આપણા દેશના ૮૦માં સ્વાતંત્ર્ય દિવસે તિરંગાને ગૌરવપૂર્વક સલામી આપીને રાષ્ટ્રગાન સાથે ઘર ઘર તિરંગા કાર્યક્રમ યોજાયો જેમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહીને રાષ્ટ્રની એકતા અને વિકાસ માટે સંકલ્પબધ્ધ બન્યા.પાલડી વોર્ડ ખાતે યોજાયેલી ભવ્ય તિરંગા યાત્રામાં કર્ણાવતી મહાનગર ના મેયર શ્રી હિતેશ ભાઈ બારોટ ,એલિસબ્રિજ વિધાનસભા નાં ધારાસભ્ય શ્રી અમિત ભાઈ શાહ , વોર્ડ નાં કાઉન્સિલરશ્રીઓ, સન્માનીય નાગરિકો, સાથી કાર્યકર્તાશ્રીઓ તથા ઉર્જાવાન બાળકો સાથે રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ સહભાગી થવાનો ગૌરવપૂર્ણ અવસર પ્રાપ્ત થયો...

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat